## જન્મદિને વધામણી



દિપક એમ ગાંધી
મો. ૯૮૨૫૦ ૬૮૧૩૪



નૂપુર સોની
લાયોનેસ ક્લબ



ભરતભાઈ પંડ્યા
મો. ૯૮૯૮૧ ૪૭૦૭૨



જીગર ત્રિવેદી
ધ ડાયમંડ ગ્રુપ એન્ડ કાફે
મો. ૯૮૯૮૩ ૧૮૮૧૫



તેજસ પટેલ
ડ્યુટી મેનેજર,
એસ.બી મલ્ટીપ્લેક્સ,
મો. ૯૯૦૪૦ ૮૦૦૩૫



રિતેષ રાવત
મો. ૯૬૬૨૪ ૪૭૬૬૩



કાર્તિકેય સોબતી
મો. ૯૪૨૭૬ ૨૬૬૯૬



જીયા ઉપેશકુમાર સોલંકી
મો. ૯૬૬૨૬ ૮૬૭૫૬



વિશાલ ભાવેશભાઈ ચૌહાણ
મો. ૯૯૨૪૨ ૦૧૬૫૭



દક્ષ વિશાલ ઉપાધ્યાય
મો. ૯૮૯૮૨૦૧૨૧૭

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં 'રક્ષાબંધન' પર્વની ઉજવણી







ગાંધીનગર, તા. ૨૪

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં રક્ષાબંધન પર્વની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણની સાથે-સાથે વિદ્યાર્થીઓમાં સામાજિકતા, પારિવારિક સંબંધો, પરિવાર - પ્રેમ, લાગણીઓ અંગેની સમજ વિકસે, શાળા - પરિવાર દર વર્ષે ઉલ્લાસભેર તહેવારોની ઉજવણી કરે છે. એ દિવસે વિદ્યાર્થીની બહેનો અને શિક્ષિકા બહેનોએ વિદ્યાર્થી ભાઈઓ અને શિક્ષક ભાઈઓના કાંડે રક્ષાના પ્રતિકરૂપી રાખડી બાંધી તેમના દીર્ઘાયુ અને સુખી જીવન માટે પ્રભુને યાચના કરે છે. બહેનોએ બાંધેલ રાખડીના બદલામાં ભાઈઓએ આજીવન બહેનની રક્ષા કરી. તેને ખુશ રાખવાનો સંકલ્પ કર્યો. સંસ્થાના મેનેજીંગ ડાયરેક્ટર કમ પ્રિન્સિપાલ જી.ટી. શનિયારા સર તથા કેમ્પસ ડાયરેક્ટર કમ પ્રિન્સિપાલ જે.બી. વામજા સર દરેકને રક્ષાબંધન પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

## એસ.જી.એસ.વી. શાળામાં વિદ્યાર્થીઓએ આર્મી જવાનો સાથે રક્ષાબંધન કાર્યક્રમ ઉજવ્યો





ગાંધીનગર, તા.૨૪

એસ.જી..અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા-૨૪-૦૮-૨૦૧૮ને શુક્રવારના રોજ વિદ્યાર્થીઓએ આર્મી જવાનો સાથે રક્ષાબંધન કાર્યક્રમ ઉજવ્યો હતો.

આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓના જે વાલી આર્મીમાં હોય તેમણે આમંત્રિત કરવામાં આવ્યા હતા. શાળાની વિધ્યાર્થિનીઓએ આ આર્મી જવાનોને કુમકુમ તિલક કરી રાખડી બાંધી હતી. તેમજ શાળાની વિધ્યાર્થિનીઓએ શાળાના વિદ્યાર્થીઓને રાખડી બાંધી આ કાર્યક્રમ ઉજવ્યો હતો આ કાર્યક્રમમાં દરેક વિધ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## છેલ્લા ૧૦ મહિનામાં દેશમાં ૪૭ લાખ રોજગારની તકો ઉભી થઈ : EPFO

ન્યુ દિલ્હી,તા.૨૪

એમ્પ્લોય પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) દ્વારા પે-રોલ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. જેના અનુસાર છેલ્લા ૧૦ મહિનામાં દેશમાં ૪૭ લાખ રોજગારની તકો ઉભી થયી છે. ઈપીએફઓ રિપોર્ટ અનુસાર સપ્ટેમ્બર ૨૦૧૭થી લઈને જૂન ૨૦૧૮ સુધીમાં દેશમાં ૪૭.૧૩ લાખ રોજગારની તક પેદા થઈ.

છેલ્લા ૧૦ મહિનામાં દેશમાં ૪૭ લાખ રોજગારની તકો મળી, તો ઈપીએફઓ ધ્વારા નવા સભ્યોના નામાંકન અનુમાન ૧૨.૩૮ ટકા ઘટ્યું અને તે ૩૯.૨૦ લાખ રહ્યું. આ પે-રોલ આંકડા અનુસાર આ દરમિયાન ૪૪.૭૪ લાખ નવા સદસ્યો સામાજિક સુરક્ષા યોજનાઓથી જોડવામાં આવ્યા. જેથી તેમને પીએફ, વીમા અને પેંશન યોજનાઓ મળી શકે.

ઈપીએફઓ પે-રોલ આંકડા અનુસાર જૂન મહિનામાં સૌથી વધારે કર્મચારીઓ ઈપીએફઓ સાથે જોડાયા. જૂન મહિનામાં સૌથી વધારે ૭,૯૩,૩૦૮ લોકો જોડાયા. ઈપીએફઓ આંકડા અનુસાર ઉમર કેટેગરીમાં દર મહિને જે આંકડા આપવામાં આવ્યા છે તે મહિના દરમિયાન તેના જોડનાર અને નીકળનાર આંકડા છે.



શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિરમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના બાલુડાઓએ રાખડી બાંધી શાળામાં રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ દિવસે બ્રાહ્મણો તેમની જનોઈ બદલે છે. શાળના સુપરવાઈઝર મિનાક્ષીબેન અને કો.ઓર્ડીનેટર કિરણબેનના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી.

## શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી





બ્રહ્માકુમારી સે-૨ દ્વારા આયોજિત રક્ષાબંધનનો પ્રોગ્રામ શ્રી જે.એમ.ચૌધરી શાળામાં રાખવામાં આવ્યો હતો. જેમાં બ્રહ્માકુમારી ભાવના દીદી તથા તપસ્વી દીદીએ રક્ષાબંધન નિમિત્તે રક્ષાનું મહત્વ તથા પરમાત્માનો પવિત્ર સંદેશ આપ્યો હતો. સર્વ પરમાત્માની છત્ર છાયામાં બંધનમાં સદા સુરક્ષિત રહે એવી શુભેચ્છાઓ આપી હતી તથા શાળાના આચાર્યાબેન રમીલાબેન તથા સુપરવાઈઝરશ્રીઓ તથા સ્ટાફ મિત્રોએ રાખડી બંધાવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ શાળામાં રક્ષાબંધન કાર્યક્રમ ઉજવાયો હતો. તેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થીઓના ભાલ પર કુમકુમથી તિલક કરીને રાખડી બાધી હતી. શિક્ષિકાઓએ ભાઈ – બહેનના પવિત્ર પર્વ વિશે જાણકારી આપી હતી.

# આધ્યાત્મિક વિશ્વનું અણમોલ રત્ન દાદી પ્રકાશમણિજી

## પ્રકાશપુંજ દાદીજીની આજે ૧૧મી પુણ્યતિથિએ લાખો બ્રહ્માવત્સો શ્રધ્ધા સુમન અર્પણ કરશે.


આધ્યાત્મિક જ્ઞાનના ભંડારાથી ભરપૂર શસક્ત મહિલા તરીકે આધ્યાત્મિક જગતમાં નામાંકિત થયેલ દાદી પ્રકાશમણિજી વિશ્વનું અણમોલ રત્ન હતાં. શસક્ત મહિલા તરીકે હજ્જારો મહિલાઓને પોતાની દિવ્ય શકિતઓથી શસક્ત બનાવવા આજીવન કાર્યરત રહ્યાં. ૧૩૦ દેશોના ભાઈબહેનોને નૈતિક મુલ્યોના શિક્ષણથી આધ્યાત્મિક સેવાઓમાં કાર્યરત કર્યા.

માત્ર ૧૪ વર્ષની નાનીએ ઉંમરે જ આધ્યાત્મિક રંગે રંગાઈને શિવપિતાના આદેશથી પોતાનું સમગ્ર જીવન બ્રહ્માકુમારીઝના ૠદ્ર જ્ઞાન યજ્ઞમાં સમર્પિત કર્યુ. દાદીજીએ ૫,૦૦૦ થી વધુ યુવા મહિલાઓને આધ્યાત્મિક શિક્ષક તરીકે તૈયાર કરવામાં પ્રમુખ ભૂમિકા ભજવી હતી.

આ મહાન વિભૂતી દાદીજીએ તેમેના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રિય શાંતિ વર્ષમાં મિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલની વિશ્વભરમાં શ્રેષ્ઠ કામગીરી બજાવી. આંતરરાષ્ટ્રિય યુવા વર્ષમાં યુવા ઉત્સવો, યુવા પદયાત્રાઓ, આંતરરાષ્ટ્રિય મહિલા વર્ષમાં મહિલા જાગરણ અભિયાન અને સંમેલનો તેમજ આંતરરાષ્ટ્રિય સાક્ષરતા વર્ષમાં અનેક સાક્ષરતા અભિયાનોનું સફળ નેતૃત્વ કર્યું.

વિશ્વ બંધુત્વના કાર્ય માટે મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તરપ્રદેશ, હરિયાણા, ચંદિગઢ, કર્ણાટક, ઓરીસા, પંજાબ વગેરે રાજ્યોએ મેડલો અર્પણ કરી રાજકીય સન્માનથી વિભૂષિત કર્યા. વિશ્વના પાંચ મહાદ્વિપોમાં 'પવિત્રતા દ્વારા વિશ્વશાંતિ' કાર્યક્રમોમા પ્રભુસંદેશ દ્વારા સમાજીક, રાજકીય પ્રમુખ નેતાઓ અને ધર્મ નેતાઓને પ્રભાવિત કર્યા.

માતૃસ્વરૂપ, સર્વેમાં આદરણીય અને આધ્યાત્મિક વિશ્વનું અણમોલ રત્ન દાદીજીનો જન્મ સને ૧૯૨૨માં અવિભાજીત ભારતના



સિંધપ્રાન્તના હૈદરાબાદ ખાતે થયો હતો. આધ્યાત્મિક જીવનની લાંબી સફરમાં તેમણે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલયના મુખ્ય પ્રશાસિકા તરીકે સફળ નેતૃત્ત્વ પ્રદાન કર્યુ. મધુર દાદીજીનો દેહાંત તા.૨૫ ઓગસ્ટ-૨૦૦૭ના રોજ થયો અને સ્વર્ગીય પવિત્ર સૃષ્ટિના નિર્માણ માટે તેમની દિવ્યાઆત્માએ અવ્યક્ત યાત્રા તરફ પ્રયાણ કર્યું. આ મહાન વિભુતિને આજની પૂણ્યતિથિએ લાખ્ખો બ્રહ્માવત્સો અને દેશ વિદેશના મહાનુભાવો નમન સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરશે.

**આલેખનઃ કૌશિક એન. ભટ્ટ**

# સ્પર્ધાત્મક પરીક્ષાને સરળતાથી કેવી રીતે પાસ કરી શકાય?

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર.

હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. સી.એમ. એ. ટી અને તેના જેવી અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા ને સરળતા થી કેવી રીતે પાસ કરી શકાય?**

**- સમર્થ લેંદે, હિંમતનગર**

સમર્થ,તમારો પ્રશ્ન આમ જોવા જઈએ તો સરળ છે કે કેવી રીતે કોઈ પણ પરીક્ષા સરળતાથી પાસ કરી શકાય.પણ અમે એવુ કેહવા માંગીશું કે કોઈ પણ પરીક્ષા સરળતાથી પાસ કરી શકાતી નથી. કોઈ પણ પરીક્ષા સરળ ત્યારે જ



લાગે જયારે આપણી તૈયારી બરાબર હોય. સી.એમ.એ.ટી ની વાત કરીએ તો આ પરીક્ષામાં ચાર ભાગ હોય છે - ગણિત, રિજનિંગ એટ્લે કે તાર્કિક ,અંગ્રેજી અને જી.કે એટ્લે કે સામાન્ય જ્ઞાન. દરેક વિભાગ માં ૨૫ પ્રશ્નો હોય છે. એટ્લે કે કુલ ૧૦૦ પ્રશ્નો હોય છે. દરેક સાચા જવાબ માટે ૪ માર્ક્સ અને ખોટા જવાબ માટે માઈનસ ૧ માર્ક હોય છે.એટ્લે કે ૨૫% માઈનસ માર્કસ મળે છે. આ પરીક્ષા માં જનરલ એપ્ટિટ્યુડ માં પુછ્વામાં આવે એ મુજબના જ પ્રશ્નો હોય છે જે તમે સારી અને યોગ્ય ટાઈમ મેનેજમેન્ટ કરી મેહનત કરી હોય તો આસાનીથી પાસ કરી શકો છો. સી.એમ.એ.ટી.ની વાત કરીએ તો એના ધ્વારા તમે એમ.બી.એ માં રાષ્ટ્રિય કક્ષાની સારી કોલેજ માં એડ્મીશન મેળવી શકો છો. હવે તમારા બીજા પ્રશ્નનો જવાબ આપીએ તો (કોઈ પણ પરીક્ષા કેવી રીતે સરળતા થી પાસ કરી શકાય?) તો સૌ પ્રથમ તો તમે જે પરીક્ષાની તૈયારી કરવા માંગતા હોવ એ પરીક્ષા વિષે સંપૂર્ણ માહિતી આપની પાસે હોવી જોઈએ.એ પરીક્ષામાં કયા વિભાગમાંથી કેટલા માર્કસનું પુછાય છે એ વિષે આપને જાણ હોવી જોઈએ.આ કરવા થી તમારો પાયો મજબૂત બનશે. કોઈ પણ પરીક્ષા પાસ કરવા – પેહલા એના મુખ્ય મુદ્દાઓનો ઝીણવટથી અભ્યાસ કરવો જોઈયે અને તદુપરાંત શક્ય બને એટ્લા વધુ મોક પેપર આપવા જોઈએ. સફળતા તમને જરૂર મળશે. વધુ માહિતિ માટે તમે સી.એમ.એ.ટી ની વેબસાઈટ પર જઈ શકો છો અથવા તો અમને ઈમેલ અથવા વોટ્સએપ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ.

**૨. હુ ટી. વાય. બી. કોમ. માં અભ્યાસ કરુ છુ. ઇકોનોમિક્સના પ્રોફેસર બનવા માટે શું કરવુ જોઇએ?**

**- કુમારી મિનાક્ષી, ગાંધીનગર**

મિનાક્ષી, એ જાણીને આનંદ થયો કે આપના ધ્યેય પ્રત્યે આપ સજાગ છો. પ્રોફેસર બનવા માટે આજકાલના ધોરણો પ્રમાણે પી.એચ.ડી, એમ.ફિલ, એન.ઈ.ટી (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ) અથવા એસ.એલ.ઈ.ટી (સ્ટેટ લેવલ એલિજિબિલિટી ટેસ્ટ) જેવી પરીક્ષાઓમાં જે તે ક્ષેત્ર માં ઊત્તિર્ણ થવું પડે છે. પી.એચ.ડી / એમ.ફિલ એક અભ્યાસક્રમ છે જેમાં ૩.૫ થી ૫ વર્ષનો સમય લગભગ લાગતો હોય છે. એન.ઈ.ટી પરીક્ષા હવે એન.ટી.એ એટ્લેકે નેશનલ ટેસ્ટિંગ એજન્સી ધ્વારા લેવામાં આવશે. પી.એચ.ડી અથવા તો એમ.ફિલ



માટે માસ્ટર ડિગ્રી જરૂરી છે.એ સિવાય તમે એમ.કોમ અથવા એમ.એ ઈકોનોમિક્સ પણ કરી શકો છો.એમાં પણ એમ.એ ઈકોનોમિક્સ તમે દિલ્લી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાંથી પણ કરી શકો છો જેમાં દિલ્હિ યુનિવર્સિટી હેઠ્ળ પ્રવેશ આપવામાં આવે છે. તેના માટે પ્રવેશ પ્રક્રિયાની જાણકારી એની વેબ સાઈટ પર જોઈ શકો છો. બીજો વિકલ્પએ પણ છે કે માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી, આઈ.આઈ.એમ.માં એફ.પી.એમ એટ્લે કે ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટમાં અરજી કરી શકો છો. જેના માટે સી.એ.ટી (કેટ) નામની પરીક્ષા આપવાની હોય છે. આમ તમે માસ્ટર ડિગ્રી કર્યા પછી એન.ઈ.ટી,એસ.એલ.ઈ.ટી, એફ.પી.એમ, એમ.ફિલ અથવા પી.એચ.ડી કરીને આપ આપના ધ્યેયને પ્રાપ્ત કરી શકો છો.વધુ જાણકારી માટે ઈમેલ અથવા વોટ્સએપ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ.

**૩. હુ બી.એસ.સી (એસ.વાય) માં અભ્યાસ કરુછું. ઓ.એન.જી.સી.ની પરીક્ષાની તૈયારી માટે શું કરવુ જોઇએ?**

**-જાહ્નવી પંચાલ, હિમતનગર**




જાહ્નવી,આપનો સવાલ ખૂબ સારો છે અને સાથે સાથે ખૂબ વિશાળ પણ છે. વિશાળ એટ્લા માટે કે તમે ઓ.એન.જી.સી.માં કઈ પરીક્ષા આપવા માંગો છો તે સ્પષ્ટ કર્યુ નથી. તમારું બેક ગ્રાઉંડ બી.એસ.સી. છે તો આપની પાસે અમુક વિકલ્પ છે જેના વિષે અમે આપણે જણાવીશું.એક તો તમે બી.એસ.સી પછી એમ.એસ.સી કરી શકો છો. ઓ.એન.જી.સી.માં એમ.એસ.સી.ના વિધ્યાર્થી માટે જગ્યા બહાર પડ્તી હોય છે જે માટે આપને જી.એ.ટી.ઈ. (ગ્રેજ્યુએટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ ઈન એંજીન્યરિંગ) આપવાની હોય છે જેમાં મેરિટ પ્રમાણે અને ત્યાર બાદ



ઈન્ટરવ્યુ બાદ આપને પ્રવેશ આપવામાં આવે છે. બીજો વિકલ્પ એ છે કે બી.એસ.સી બાદ એમ.બી.એ વીથ એચ.આર અથવા ફાઈનાન્સ કરી શકો છો.ત્યારબાદ તમે તેને લગતી પ્રવેશ પરીક્ષા આપી શકો છો જેમાં સામાન્ય એપ્ટિટ્યુડના પ્રશ્નો અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ હોય છે. ઈન્ટરવ્યૂ પાસ કર્યા બાદ સિલેકશન થઈ શકે છે. એમ.બી.એ તમારે સારી કોલેજમાંથી કરવુ હિતાવહ છે જેના માટે તમે સી.એ.ટી, સી.એમ.એ.ટી. જેવી પરીક્ષા આપી શકો છો. વધુ માહિતિ માટે તમે ઓ.એન.જી.સી.ની વેબસાઈટ પર જઈ શકો છો અથવા અમને ઈમેલ કે વોટ્સએપ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ.

ઈમેલ: questions.careercorner@gmail.com
WhatsApp no. : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner